ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# સોમવારથી ધો ૧ થી ૯ માં ઓફલાઈન શિક્ષણ શરૂ કરાશે

**હાલ ધો ૧૦ થી ૧૨ માં પણ વિદ્યાર્થીઓની સંખ્યા ઘટે છે : કોરોનાના કેસ ઘટતા સરકાર ધીમે ધીમે નિયંત્રણો હળવા કરવાના મુડમાં : વાલીઓની સંમતિ સાથે શિક્ષણ કાર્ય શરૂ કરાશે : જુની એસ ઓ પી નો અમલ કરવાનો રહેશે : ઓનલાઇન શિક્ષણ કાર્ય પણ ચાલુ રહેશે**

ગાંધીનગર તા ૫

કોરોના કાળમાં છેલ્લા બે વર્ષથી શાળાઓમાં વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ શિક્ષણ આપવાનુ કાર્ય ગોથે ચઢયુ છે. કોવિડના સંક્રમણમાં વધઘટ થતા શાળાઓમાં વારંવાર ઓનલાઈન અને ઓફલાઈન શિક્ષણ આપવાના મામલે સમયાંતરે નિર્ણય લેવાય છે. છેલ્લા એક દોઢ મહીનાથી ધો -૧ થી ૯ માં ઓનલાઈન શિક્ષણ કાર્ય ચાલતુ હતુ જયારે હવે આગામી સોમવારથી ધો - ૧થી ૯ ના વર્ગોમાં પણ ઓફલાઈન શિક્ષણ શરૂ કરવા શિક્ષણમંત્રીએ જાહેરાત કરી છે ત્યારે શાળાઓ પણ આ મામલે તૈયારીમાં લાગી ગઈ છે. જો કે હાલ ધો -૧૦ થી ૧૨ માં પ્રત્યક્ષ શિક્ષણ કાર્યમાં વિદ્યાર્થીઓની હાજરી ઓછી હોવાનો સુર પણ શાળા કક્ષાએથી ઉઠવા પામ્યો છે. ત્યારે ધો - ૧થી ૯ માં ઓફલાઈનની સાથે ઓનલાઈન શિક્ષણ કાર્ય પણ ચાલુ રહેશે.

કોવિડના સંક્રમણમાં ઘટાડો થવાની સાથે સરકાર ધીમે ધીમે નિયંત્રણો હળવા કરે છે. કોરોનાના સંક્રમણના લીધે છેલ્લા બે વર્ષથી શિક્ષણ કાર્ય પણ ગોથે ચઢયુ છે. પ્રિ પ્રાયમરીના બાળકો તો હજુ શાળાનુ પગથિયુ પણ ચઢયા નથી. જયારે ધો - ૧ થી ૧૨ માં પણ શાળાઓમાં વારંવાર શિક્ષણકાર્ય ઓનલાઈન અને ઓફલાઈન કરવાની ફરજ પડે છે. કોરોના કાળમાં લાંબા સમયથી શાળાઓમાં ઓનલાઈન શિણણ પ્રથા જ ચાલી રહી છે. થોડા સમય અગાઉ કોરોનાના કેસમાં અચાનક ઉછાળો આવતા વધતા સંક્રમણને ધ્યાનમાં રાખી સરકારે ધો -૧ થી ૯ માં ઓફલાઈન શિક્ષણ કાર્ય બંધ કરવાની જાહેરાત કરી હતી. અંદાજિત એક દોઢ મહીનાથી આ વર્ગોમાં ઓનલાઈન શિક્ષણ કાર્ય જ હાથ ધરવામાં આવે છે. જયારે કોરોનાની મહામારીના દિવસોમાં વિદ્યાર્થીઓ પણ ઓનલાઈન શિક્ષણ પધ્ધતિથી ટેવાઈ ગયા છે. જો કે પ્રત્યક્ષ શિક્ષણ ન મળતા શિક્ષણવિદો વિદ્યાર્થીઓના ભાવિ મામલે પણ ચિંતા સેવી રહ્યા છે. જયારે હવે કોરોનાના કેસ ઘટતા ધીમે ધીમે સરકાર પણ નિયંત્રણો હળવા કરવાના મુડમાં છે. ત્યારે શાળાઓમાં પ્રત્યક્ષણ શિક્ષણ લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે પણ સરકારે મંજુરી આપી છે. જેમાં ધો -૧ થી ૯ માં અત્યાર સુધી પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય બંધ હતુ જયારે આગામી સોમવારથી આ વર્ગોમાં ઓફલાઈન શિક્ષણ શરૂ કરવા આજે શિક્ષણમંત્રી જીતુ વાઘાણીએ જાહેરાત કરી દીધી છે. જેના અનુસંધાને શાળાઓ પણ ઓફલાઈન શિક્ષણ કાર્ય શરૂ કરવા માટે તૈયારીમાં લાગી ગઈ છે. અત્યારે ધો ૧૦ થી ૧૨ માં ઓફલાઈન શિક્ષણ કાર્ય ચાલુ છે. શાળા સંચાલકો અને આચાર્યો તેમજ શિક્ષકોના મતે હજુ શાળાઓમાં વિદ્યાર્થીઓની પુરતી હાજરી થતી નથી. આડા દિવસોની જેમ શાળાઓના વર્ગખંડોમાં વિદ્યાર્થીઓની પુરતી સંખ્યા ન થતા વર્ગો ખાલી જોવા મળે છે. પ્રાથમિક વર્ગોમાં વાલીઓ આમપણ વિદ્યાર્થીઓને શાળાએ મોકલવાનુ ટાળી રહ્યા છે. કોરોનાના સંક્રમણથી બચવા માટે વાલીઓ ઓનલાઈન વર્ગોનો આગ્રહ રાખે છે. જયારે ધો ૧ થી ૯ માં ઓફલાઈન શિક્ષણ કાર્યની સાથે ઓનલાઈન શિક્ષણ પણ ચાલુ રહેશે જુની એસ ઓ પીનુ પાલન કરવાનુ રહેશે. અગાઉ શાળાઓમાં ઓફલાઈન શિક્ષણ કાર્ય શરૂ કરવામાં આવ્યુ ત્યારે પણ શાળાઓમાં વિદ્યાર્થીઓની પુરતી હાજરી ન થતી હોવાના મામલે સ્કુલ ડ્રેસ સ્કુલ વર્ધી તેમજ હોસ્ટેલ સહીતની સુવિધાઓના મામલે વાલીઓ પણ ઓનલાઈન શિક્ષણનો જ આગ્રહ રાખતા હોવાથી શાળાઓમાં પુરતા વિદ્યાર્થીઓ આવતા ન હોવાનો સુર શિક્ષણ સંકુલોમાં ઉઠવા પામ્યો હતો. ત્યારે ફરી એકવાર હવે ધો -૧ થી ૯ માં ઓફલાઈન વર્ગો શરૂ કરવાની જાહેરાત કરી દેવામાં આવી છે. સોમવારથી શાળા સંકુલમાં વિદ્યાર્થીઓનો કોલાહલ

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગરમાં ઠંડી યથાવત : પારો ૮.૨ ડિ.સે.

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરમાં પુનઃ ઠંડીનો ચમકારો અનુભવાયો છે. લઘુત્તમ તાપમાન છેલ્લા બે દિવસથી ૮ ડિગ્રીની આસપાસ નોંધાઈ રહ્યુ છે. સળંગ બે દિવસથી ઠંડી તેનો આકરો મિજાજ બતાવી રહી છે. આજે લઘુત્તમ તાપમાન ૮.૨ ડિ.સે. નોંધાતા વસાહતીઓએ આકરી ઠંડીનો અનુભવ કર્યો હતો.

શહેરમાં આ વર્ષે ખુબ ઠંડી પડી રહી છે. લઘુત્તમ તાપમાન ક્યારેક ખુબ નીચુ જતુ રહે છે. બે દિવસ અગાઉ લઘુત્તમ તાપમાન ૧૬.૮ ડિ.સે. નોંધાતા એવુ લાગતુ હતુ કે હાશ ઠંડીથી છુટકારો મળ્યો પરંતુ આ રાહત લાંબો સમય ન રહી. ફરીથી વાતાવરણમાં જોરદાર પલ્ટો આવ્યો અને એક જ દિવસમાં લઘુત્તમ ૮ ડિગ્રી જેટલુ ઘટીને ૮.૭ ડિ.સે. પર પહોંચી ગયુ. વસાહતીઓ પુનઃ ઠંડીમાં ઠુંઠવાઈ ગયા. સતત બીજા દિવસે પણ લઘુત્તમ તાપમાન ૮.૨ ડિ.સે. નોંધાતા આકરી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. હવામાન વિભાગે ઠંડીનો વધુ એક રાઉન્ડ આવશે તેવી આગાહી વ્યક્ત કરી છે.

# મનપાના બજેટનું કદ વધારી ૫૪૦ કરોડ કરાયુ

**પુરાંતમાં ઘટાડો કરી ૧૬ કરોડ કરાઈ : મેયર, ડે. મેયર, સ્થાયી ચેરમેનની ગ્રાન્ટમાં વધારો કરાયો : મનપા હોસ્પિટલ બનાવશે : મોબાઈલ લેબ. શરૂ કરવામાં આવશે : વિદ્યાર્થીઓ માટે ઈનોવેશન લેબ. બનાવાશે : ''ગુજરાતનો અમર વારસો''નું થ્રી ડી મ્યુઝિયમ બનાવાશે : રિઝર્વ પ્લોટ ભાડે આપી આવક મેળવાશે : મોબાઈલ ટાવરોનું ભાડુ વસુલાશે : બાંધકામ મંજૂરી સહિતની આવકમાં વધારો થવાનો અંદાજ છે**

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર મહાનગરપાલિકાના કદમાં રૂ. ૨૭.૯૨ કરોડનો વધારો કરવામાં આવ્યો છે જયારે પુરાંત રૂ. ૧૬ કરોડ જ અંદાજવામાં આવી છે.

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની આજે મળેલ બેઠકમાં આ મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. સ્થાયી સમિતિની બેઠક બાદ ચેરમેન જશુભાઈ પટેલે પત્રકારોને જણાવ્યુ હતુ કે બજેટમાં ફેરફારના આ નિર્ણયો સર્વાનુમતે લેવામાં આવ્યા છે.



પટેલે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે ગાંધીનગરને લીવેબલ, લવેબલ, મેમોરેબલ અને સ્માર્ટર બનાવવાનો આ બજેટમાં સંપૂર્ણ પ્રયાસ કરવામાં આવ્યો છે.

તેમણે કહ્યુ હતુ કે ગાંધીનગર મનપામાં ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરીને નાગરિકોને મળતી સુવિધાઓ ઝડપથી ઓછા ખર્ચમાં અને સરળતાથી ઉપલબ્ધ થાય તેવા આશયથી ડિઝીટલાઈઝેશનનો પ્રયાસ કરવામાં આવી રહેલ છે.

શહેરમાં રખડતા પશુઓની સમસ્યાના નિવારણ માટે આર.એફ.આઈ.ડી. ટેગની લેટેસ્ટ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે.

ગાંધીનગરમાં રૂ. ૫૦ લાખના ખર્ચે ''ગુજરાતનો ગૌરવપૂર્ણ વારસો'' દર્શાવતુ આંતર રાષ્ટ્રીય કક્ષાનું થ્રી ડી ટેકનોલોજીનો ઉપયોગ કરી અદ્યતન મ્યુઝીયમ બનાવવામાં આવશે અને આ માટે આ વર્ષે ટોકન જોગવાઈ કરવામોં આવી છે. બે વર્ષમાં આ મ્યુઝીયમ ઉભુ કરવામાં આવશે.

તેમણે સ્વીકાર્યુ હતુ કે મનપાની રેવન્યુ આવકમાં વૃદ્ધિ કરવાનું વિચારવાની સાથોસાથ રેવન્યુ ખર્ચ પર નિયંત્રણ કરી નોંધપાત્ર રેવન્યુ સરપ્લસ મળી રહે અને વિકાસના કામો માટે વધુ રકમ ફાળવી શકાય તેના પર પ્રાધાન્ય આપવામાં આવ્યુ છે.

એએમસીના રિઝર્વ પ્લોટની ભાડા પેટેની આવક રૂ. ૨ કરોડ અંદાજવામાં આવી છે. મોબાઈલ ટાવરના ભાડાની આવક પણ રૂ. ૨૫ કરોડ અંદાજવામાં આવી છે. આ ઉપરાંત ટી.પી. વિસ્તારમાં જે બેટરમેન્ટ ચાર્જ વસુલીનો અંદાજ કમિશનરે સૂચવ્યો હતો તેમાં પણ રૂ. પાંચ કરોડની આવક વધુ થવાનો અંદાજ સ્થાયી સમિતિએ રાખ્યો છે. જાહેરાતની આવક પણ મનપાને રૂ. ૨ કરોડ વધુ થશે તેવો અંદાજ છે.

### લીવેબલ, લવેબલ, મેમોરેબલ અને સ્માર્ટર ગાંધીનગર બનાવવાની પહેલ : જશુભાઈ

નવા કામો જે કેપીટલ ખર્ચમાંથી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે તેમાં શહેરી પછાત વિસ્તારમાં માળખાકીય સુવિધાના કાર્યોમાં રૂ. ૧ કરોડનો વધારો કરવાનો નિર્ણય સ્થાયી સમિતિએ લીધો છે. પેરીફેરી વિસ્તારના ગામોમાં પાયાની સુવિધાના કામો માટે પણ રૂ. એક કરોડનો વધારો સૂચવ્યો છે.

મનપાના અધિકારીઓ અને કર્મચારીઓ માટે સ્ટાફ ક્વાટર્સ બનાવાવનો નિર્ણય લેવામાં આવ્યો છે અને આ માટે પણ જોગવાઈ આ બજેટમાં કરવામાં આવી છે.

શહેરની આરોગ્ય સુવિધાઓના ખર્ચમાં ૬૦૦ ટકાનો વધારો ગત વર્ષની તુલનામાં કરવામાં આવ્યો છે. સ્થાયી સમિતિએ મનપાની પોતાની લેબ બનાવવા ઉપરાંત પોતાની એક અલાયદી હોસ્પિટલ બનાવવાનો પણ નિર્ણય કર્યો છે. શહેરની વધેલી હદને ધ્યાને રાખી મોબાઈલ લેબ શરૂ કરવા માટે રૂ. ૨૦ લાખની જોગવાઈ કરી છે.

● અનુસંધાન પાન-૭ પર

## બેંક ઓફ ઈન્ડિયામાં ૪ દિવસથી સોફ્ટવેર અપગ્રેડેશનને લઈ લેવડ-દેવડ ઠપ્પ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરમાં બેંક ઓફ ઈન્ડિયાની શાખા છેલ્લા પાંચ દિવસથી કોઈપણ પ્રકારની નાણાંકીય લેવડ-દેવડ ન થતી હોવાથી તેના ગ્રાહકો પારાવાર મુશ્કેલીમાં અટવાઈ પડ્યા છે.

બેંકના સોફ્ટવેરનું અપગ્રેડેશનની કામગીરી ચાલુ હોવાથી નાણાંકીય લેવડ-દેવડ થતી નથી જેને પરિણામે નાની મોટી લેવડ-દેવડો પણ અટકી પડી છે અને ગ્રાહકો બેંક સુધી આવી પાછા ધક્કો ખાઈને જાય છે.

બેંકમાં નાણાં હોવા છતાં ઘણા ગ્રાહકો તેમના લોન હપ્તાની રકમ પણ ભરપાઈ ન થતાં મુશ્કેલીમાં મુકાયા છે. બેંકની લેવડ - દેવડ બંધ થતાં લાખો રૂપિયાના વ્યવહાર અટકી જવા પામ્યા છે. સોફ્ટવેર અપગ્રેડેશનમાં આટલો બધો સમય લાગવાનો હોય તો બેંકે તેના ગ્રાહકોને પહેલેથી જાણ કરવી જોઈએ તેવી લાગણી નગરજનોમાં પ્રસરી જવા પામી છે. લગ્નસરાની મોસમ ચાલી રહી છે પણ આર્થિક વ્યવહારોમાં લોકો આર્થિક સંકડામણ અનુભવી રહ્યા છે.

# શહેરમાં વધુ ૨૪૩ કેસ : ૩૨૬ને ડિસ્ચાર્જ

**સારવાર દરમ્યાન સે. ૩ ની વૃધ્ધાનું મોત : મૃત્યુઆંક ૭ થયો : શહેરના સે. ૨ માં ૧૮, સે. ૩ માં ૧૬, સે. ૪ માં ૧૫, સે. ૮ માં ૧૪, સે. ૧, ૬, ૧૨ માં ૬-૬ કેસ નોંધાયા : ગ્રામ્ય વિસ્તાર કુડાસણમાં ૩૭, સરગાસણમાં ૨૬, વાવોલમાં ૧૨, રાંદેસણમાં ૧૦, રાયસણમાં ૯ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૨૪૨ કેસ નોંધાયા છે. શહેરમાં કોરોનાની ગતિ હજુ ધીમી પડી નથી. શહેરમાં આજે નોંધાયેલા કેસો સાથે કોરોના કેસોની સંખ્યા નવ હજારના આંકને પાર કરી ગઈ છે.

શહેરમાં કોરોનાના કેસોમાં વચ્ચે ઘટાડો થયા બાદ પુનઃ કેસો વધુ મળવાના શરૂ થતાં તંત્રની ચિંતા વધી છે. જો કે કોરોનાના માઈલ્ડ સિમટન્સ હોવાને કારણે મોટા ભાગે દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરી રહ્યા છે. શહેરમાં આજે નોંધાયેલા દર્દીઓમાંથી ૩ ને સઘન સારવારની જરૂરિયાત જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

શહેરમાં આજે વધુ એક દર્દીનું સારવાર દરમ્યાન મોત થયુ છે. સે. ૩ ના ૯૧ વર્ષીય વૃધ્ધાનું આજે સારવાર દરમ્યાન મોત થયુ છે. આજે થયેલ આ મોત સાથે શહેરમાં ત્રીજી લ્હેરમાં કોરોનાની સારવાર દરમ્યાન મૃત્યુ પામનારની સંખ્યા ૭ થઈ છે. શહેર-જિલ્લામાં ત્રીજી લ્હેરમાં ૧૩ દર્દીના મોત થયા છે.

મળતી વિગતો પ્રમાણે આ વૃદ્ધા કોરોના સાથે અન્ય બિમારીથી પણ પિડીત હતા. મોટાભાગે શહેરમાં કોરોના સાથે અન્ય બિમારી ધરાવતા દર્દીઓના મોત થયા હોવાનું જાણવા મળેલ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં મોટાભાગના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી ઉપરાંત ટ્રેસીંગ અને ટેસ્ટીંગની કામગીરી સઘન બનાવવાની સૂચનાઓ આપી છે.

શહેરમાં ત્રીજી લ્હેરમાં મહિલાઓ વયસ્કો તેમજ બાળ દર્દીઓ જે રીતે સંક્રમિત થઈ રહ્યા છે તેથી તંત્રની ચિંતા વધી છે. વયસ્કો પણ છેલ્લા સપ્તાહથી વધુ સંક્રમિત થઈ રહ્યા હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૦૦ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. શહેરમાં આજે ૩૫ દર્દી ૬૦ કે તેથી વધુ વયના છે તો ૨૫ દર્દી ૧૧ થી ૨૦ વર્ષની વયજૂથના છે. શહેરમાં કોરોના વેક્સિનેશન અભિયાન પણ સઘન બનાવવામાં આવ્યાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. શહેરમાં સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તેમજ કોરોના ગાઈડલાઈન્સના ચુસ્ત અમલીકરણનું પાલન કરવા તંત્રએ લોકોને અપીલ કરી છે. તંત્રએ સોશ્યલ ડિસ્ટન્સીંગ જાહેર સ્થાનો પર ન જાળવતા લોકો સામે આકરા પગલાં લેવાની પણ સૂચનાઓ આપી હોવાનું જાણવા મળેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

## ગ્રામ્યમાં પુનઃ કેસોમાં ઉછાળો આવ્યો : ૧૦૫ નવા કેસ નોંધાયા

**જિલ્લામાં ૧૫૯ દર્દીઓ રિકવર થતાં ડિસ્ચાર્જ અપાયુ : ૩૯ મહિલા દર્દી નોંધાયા : દહેગામ ૧૬, ગાંધીનગર ૪૧, કલોલ ૩૭ અને માણસામાં ૧૧ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લામાં આજે એક દિવસ બાદ કોરોનાના કેસો વધી ગયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના ૧૦૫ કેસ નોંધાયા છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસો ૪૧૦૦ના આંકને પાર કરી ગયો છે.

ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસોમાં વધ-ઘટ થતાં તંત્રની ચિંતા વધી છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાંથી પાંચ દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ગાંધીનગર કલોલમાં કોરોના વકર્યો છે. દહેગામ અને માણસામાં સંક્રમણ સ્થિર થયુ હોવાનું મનાઈ રહ્યુ છે. ગાંધીનગર-કલોલમાં આજે ૭૦ થી વધુ કેસો નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં દહેગામમાં ૧૬, ગાંધીનગરમાં ૪૧, કલોલમાં ૩૭, માણસામાં ૧૧ કેસ નોંધાયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૩૯ મહિલા દર્દી, ૧૪ વિદ્યાર્થી, ૩ ખેડૂત, ૬ સરકારી કર્મચારી, એક કોમ્યુનીટી હેલ્થ ઓફિસર અને એક ડ્રાયવર પણ સંક્રમિતોની યાદીમાં છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૦ કે તેથી ઓછી આયુ ધરાવતા બે દર્દી છે. વિહારમાં ૧૦ વર્ષનો દિકરો તેમજ કલોલમાં સાડા ચાર મહિનાની દિકરી પણ સંક્રમિતોની યાદીમાં છે.

● અનુસંધાન પાન-૭ પર

## સે-૮ના કોર્નર પાસે અદ્યતન બસ સ્ટોપ બનાવાનુ કામ હાથ ધરાયુ

**સેકટરોમાં અગાઉ બસ સ્ટોપ પર લગાવેલા કેમેરા અને એલ ઇ ડી સ્ક્રીન પણ ગાયબ થઇ ગયા**



ગાંધીનગર તા ૫

ગાંધીનગર એસ ટી ડેપોની જેમ સેકટરોમાં અસ્તિત્વ ધરાવતા બસ સ્ટોપ પણ અપડાઉનકર્તાઓ માટે મુંઝવણરૂપ બન્યા છે. અગાઉ શહેરમાં વિવિધ ૮ ઠેકાણે નિર્માણ કરાયેલા સ્ટોપ પર અપડાઉનકર્તાઓની સુવિધા અને સલામતી માટે કેમેરા અને એલ ઈડી સ્કીન પણ મુકવામાં આવ્યા હતા જો કે સમય જતા જે ગાયબ થઈ ગયા છે. જયારે શહેરમાં હજુ બાકી રહેતી જગ્યાએ નવા સ્ટેન્ડ બનાવામાં આવી રહ્યા છે. સે-૮ ના કોર્નર પાસે હાલ આ મુજબના બસ સ્ટોપ બનાવાનુ કામ ચાલી રહ્યુ છે. ત્યારે ડેપો સંકુલ સહીત સેકટરોના સ્ટેન્ડ પર મુસાફરોની સલામતી અને સુવિધા જળવાય તે મુજબ કામ હાથ ધરવા પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગરના મુખ્યમાર્ગો પર નવા બસ સ્ટેન્ડનુ નિર્માણ કરાયુ છે. દાયકાઓના અંતે નવા બસ સ્ટેન્ડ બનાવાયા છે. જેમાં અગાઉ વિવિધ સેકટરોમાં અંદાજિત ૮ જેટલા બસ સ્ટોપ બનાવાયા

● અનુસંધાન પાન-૭ પર

**શહેરના સેકટરોમાં ૧૦ બગીચાઓની રોનક નિખરી**

## હવે ગાંધીનગરમાં સમાવિષ્ટ નવા વિસ્તારમાં પણ ઉદ્યાનો બનાવાશે

**કોર્પોરેશને શહેરમાં બગીચાના નવિનીકરણ માટે રૂ ૧૫ કરોડનો ખર્ચ કર્યો**

ગાંધીનગર તા ૫

ગાંધીનગરના સેકટરોમાં છેલ્લા દોઢ દાયકાથી ઉજ્જડ જોવા મળતા ઉદ્યાનોની રોનક નિખરી છે. કોર્પોરેશન દ્વારા શહેરના વિવિધ ૧૦ ઠેકાણે બગીચાઓનુ નવિનીકરણ કરવામાં આવ્યુ છે. જયારે આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧૫ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. શહેરના સેકટરોમાં નવા ઉદ્યાનોનુ નિર્માણ કરાયા બાદ હવે કોર્પોરેશન કક્ષાએથી સમાવિષ્ટ નવા વિસ્તારમાં પણ બગીચાઓના નિર્માણ માટેની યોજના તૈયાર કરવામાં આવી રહી છે.

ગાંધીનગરના વિવિધ ૧૦ સેકટરોમોં બગીચા નિર્માણનુ કામ પુર્ણ કરી દેવાયુ છે શહેર અસ્તિત્વમાં આવ્યુ ત્યારથી સેકટરે સેકટરે હરિયાળા ઉદ્યાનોનુ નિર્માણ કરાયુ હતુ પરંતુ છેલ્લા એક દોઢ દાયકાથી બગીચાઓની જાળવણી ન થતા આ ઉદ્યાનો હરિયાળી ગુમાવી ઉજ્જડ બન્યા હતા. જયારે કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ સેકટરોમાં ઉજ્જડ પડેલા ઉદ્યાનોને મરણપથારીએથી બેઠા કરવા માટે તબકકાવાર બગીચાઆનુ નવિનીકરણ હાથ ધરવામા આવ્યુ હતુ. જેના અંતે અત્યાર સુધીમાં સે-૩ ન્યુ, સે-૩, સે-૬, સે-૧૨, સે-૧૬ સે-૨૬ સે-૨૨ આનંદ વાટીકા, સે-૨૦ સે-૨૫ અને સે-૨૯ માં બગીચાઓનુ નવિનીકરણ કરી દેવાયુ છે. આ ઉદ્યાનોમાં હરિયાળી લોન સાથે વોક વે ગજીફો , અને બાળકો માટે રમત ગમતના સાધનો અને બેસવાની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. સેકટરોમાં બગીચાઓના નવિનીકરણ પાછળ અંદાજિત રૂ ૧૫ કરોડનો ખર્ચ કરાયો છે.બગીચાને આકર્ષક અને સુવિધાસભર બનાવાતા સેકટરવાસીઓમાં પણ હર્ષની

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com